SEAT No.________ [5]

SC

SARDAR PATEL UNIVERSITY



M.A. SEMESTER-2 Examination -2017

PAPER CODE: PA02CGUJ05 (અર્વાચીન ગુજરાતી કવિતા)

DATE: 02/11/2017, Thursday TIME: 10:00A.M. to 1:00 P.M. MARKS: 70

પ્રશ્ન-૧ નીચેના વસ્તુલક્ષી પ્રશ્નોના ઉત્તર આપો. ૧૦

૦૧. નીચેનામાંથી કયું કવિતાનું ઘટક તત્વ નથી?

અ. લય બ. પ્રાસ ક. વર્ણન ડ. લય

૦૨. નીચેનામાંથી કયું સ્વરૂપ વિદેશી નથી?

અ. સૉનેટ બ. ગઝલ ક. ગીત ડ. હાઇકુ

૦૩. અસંગત વિગત જૂથ અલગ તારવો

અ. સપ્તપદી- ઉમાશંકર બ. વસુધા- સુંદરમ ક. ધ્વનિ- રાજેન્દ્ર શુક્લ ડ. તાંદુલ- હરીશ મીનાશ્રુ

૦૪. મેલો દલપત ડા'પણ મેલો!...... છેક ........................ કાવ્ય પંક્તિ પૂર્ણ કરો.

૦૫. દલપત પઢિયાર ..........................યુગના કવિ છે?

અ. ગાંધી બ. અનુગાંધી ક. આધુનિક ડ. અનુ આધુનિક

૦૬. 'રાનેરી'નો અર્થ .................. થાય છે?

અ. રણનું બ. પ્રાણીનું ક. જંગલનું ડ. વાયુનું

૦૭. 'રાનેરી' સંગ્રહના પૂજ્ય નાનાને' કાવ્યનું સ્વરૂપ જણાવો.

અ. ગીત બ. ગઝલ ક. સૉનેટ ડ. અછાંદસ

૦૮. દલપત પઢિયારનો પ્રથમ કાવ્ય સંગ્રહ જણાવો?

અ. સામે કાંઠે તેડા બ. ભોય બદલો ક. અવાજનું અજવાળું ડ. શબ્દ

૦૯. 'અમને કોની રે સગાયું સાંભરે'કાવ્યમાં કયું સંવેદન વ્યક્ત થયું છે?

અ. માતૃ બ. સ્વજન ક. વતન ડ. પ્રણય

૧૦. દલપત પઢિયારની કવિતામાં મુખ્યત્વે કયો ભાવ વ્યક્ત થાય છે.

અ. પ્રણય બ. વાત્સલ્ય ક. અધ્યાત્મ ડ. આપેલ તમામ

પ્રશ્ન-૨ કવિતા એટલે શું તે સમજાવી કવિતાનાં ઘટક તત્વોની ચર્ચા કરો ૧૫

અથવા

અર્વાચીન ગઝલની વિકાસ રેખા વિશે ટૂંકમાં ચર્ચા કરો

પ્રશ્ન-૩ 'સામે કાંઠે તેડા' કાવ્ય સંગ્રહને આધારે દલપત પઢિયારની કવિતાના વિશેષો તારવો. ૧૫

અથવા

બંને ટૂંક નોંધ લખો. ૧. 'સામે કાંઠે તેડા' શીર્ષક

૨. 'સામે કાંઠે તેડા'નાં ગીતો

પ્રશ્ન-૪ 'રાનેરી' કાવ્ય સંગ્રહનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. ૧૫

અથવા

બંને ટૂંક નોંધ લખો. ૧. 'રાનેરી' માં પ્રકૃતિ

૨. 'રાનેરી'માં નગર સંવેદન

પાછળ.....

પ્રશ્ન-૫ 'અ' માંથી એક અને 'બ'માંથી એક ટૂંક નોંધ લખો ૧૫

અ) ૦૧. 'રાનેરી'નાં ગદ્ય કાવ્યો

૦૨. 'રાનેરી'નાં ગીતો અને ગઝલો

બ) ૦૧. 'સામે કાંઠે તેડા'માં પ્રકૃતિ

૦૨. 'સામે કાંઠે તેડા'માં વતન સંવેદન

— X —

SC

[40] SEAT No.________ **No. of Printed Pages : 2**

# SARDAR PATEL UNIVERSITY
## MA (II$^{nd}$ Semester) Examination
## Wednesday, 8$^{th}$ November 2017
## 10=00 am to 1=00 p.m.
## PA02CGUJ07 (Old Course) Gujarati
## પાશ્ચાત્ય સાહિત્ય મીમાંસા કુલ ગુણ : ૭૦

પ્રશ્નઃ૧ઃનીચેના બહુવિકલ્પી પ્રશ્નોના જવાબ ઉત્તરવહીમાં લખો : ૧૦

૧ નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં એ જણાવો.

વિધાન : અ : ટ્રેજેડીનું પરિણામ પ્લેટો કેથાર્સિસને ગણાવે છે.

વિધાન : બ : પોએટીક્સમાં પ્લેટો કેથાર્સિસની ચર્ચા કરી નથી.

ક. બન્ને વિધાન ખરાં છે. ખ. બન્ને વિધાન ખોટાં છે.

ગ. વિધાન અ ખરું, બ ખોટું, ઘ. વિધાન બ ખરું, અ ખોટું.

૨ નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં એ જણાવો.

વિધાન : અ વર્ડઝવર્થનું નામ રંગદર્શિતાવાદ સાથે સંકલાયેલું છે.

વિધાન : બ : ક્લીન્થ બ્રુક્સ અમેરિકાના વતની હતા.

ક. બન્ને વિધાન ખરાં છે. ખ. બન્ને વિધાન ખોટાં છે.

ગ. વિધાન અ ખરું, બ ખોટું, ઘ. વિધાન બ ખરું, અ ખોટું.

૩ અ અને બ જોડો.

| અ | બ |
|---|---|
| ક. વસ્તુલક્ષી સહસંબંધક | ૧. પ્લેટો |
| ખ. ત્રિવિધ એકતા | ૨. એરિસ્ટોટલ |
| ગ. પ્રેરણા | ૩. કોલરિજ |
| ઘ. કલ્પના | ૪. ટી. એસ. એલિયેટ |

૪ કલાસર્જન માટે કોલરિજ કોને જવાબદાર ગણાવે છે?

ક. તરંગ, ખ. પ્રેરણા, ગ. કલ્પના, ઘ. ઉદાત્તતા

૫ એરિસ્ટોટલની દષ્ટિએ ટ્રેજેડીનું કયું ઘટક સૌથી ઓછા મહત્ત્વનું છે?

ક. વસ્તુ, ખ. ચરિત્ર, ગ. સંવાદ, ઘ. દશ્યવિધાન

૬ ઉદાત્તતાની વિચારણા કરનારા વિવેચકનું નામ આપો.

ક) ટી. એસ.એલીયેટ, ખ)લોન્જાઈનસ, ગ)ક્લીન્થ બ્રુક્સ, ઘ) રોલાં બાર્થ

૭ નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં એ જણાવો.

વિધાન : અ : ઉદાત્તતા મહાન આત્માનો રણકો છે.

વિધાન : બ : મેથ્યુ આર્નલ્ડ સાહિત્યને જીવનની સમીક્ષા કહે છે.

ક. બન્ને વિધાન ખરાં છે. ખ. બન્ને વિધાન ખોટાં છે.

ગ. વિધાન અ ખરું, બ ખોટું, ઘ. વિધાન બ ખરું, અ ખોટું.

૮ ટી. એસ. એલિયેટને કઇ કૃતિ માટે સાહિત્યનું નોબેલ પારિતોષિક અર્પણ કરવામાં આવ્યું હતું?

ક. ટ્રડિશન એન્ડ ઇન્ડિવિડ્યુઅલ ટેલેન્ટ, ખ. ફોર ક્વાટ્રેટ, ગ. મર્ડર ઈન કેથેડ્રલ, ઘ. વેસ્ટ લેન્ડ

૯ ટ્રેડિશન એન્ડ ઈન્ડીવિઝ્યુઅલ ટેલેન્ટ નિબંધ કોણે લખ્યો છે?
ક. એરિસ્ટોટલ ખ. કોલરિજ, ગ. એલિયેટ, ઘ. મેથ્યુ આર્નલ્ડ
૧૦ અ અને બ જોડો

| અ | બ |
|---|---|
| ક ટી. એસ. એલિયેટ | ૧. લિરિકલ બેલેડ્સ |
| ખ કોલરિજ | ૨. લિટરેરિયા બાયોગ્રફિયા |
| ગ. મેથ્યુ આર્નલ્ડ | ૩. પોએટ્રી એન્ડ ડ્રામા |
| ઘ.વર્ડઝવર્થ | ૪. કલ્ચર એન્ડ એનાર્કી |

પ્રશ્ન : ૨ : ટ્રેજેડી એટલે શું એ સ્પષ્ટ કરી એના ઘટકોની વિગતે ચર્ચા કરો. ૧૫

અથવા

પ્રશ્ન : ૨ : પાશ્ચાત્ય સાહિત્ય મીમાંસામાં પ્લેટો અને લોન્જાઈનસના પ્રદાનની સમીક્ષા કરો.

પ્રશ્ન : ૩ : વર્ડઝવર્થે પાશ્ચાત્ય સાહિત્ય વિવેચન ક્ષેત્રે કરેલા પ્રદાનની ચર્ચા કરો. ૧૫

અથવા

પ્રશ્ન : ૩ :કોલરિજે કરેલા પાશ્ચાત્ય સાહિત્ય વિવેચન ક્ષેત્રે કરેલા પ્રદાનની ચર્ચા કરો.

પ્રશ્ન : ૪ : ગમે તે બે અંગે ટૂંકનોંધ લખો : ૧૫

ક) કવિતા જીવનની સમીક્ષા ખ) વિવેચન અંગે આર્નલ્ડ ગ) આર્નલ્ડની સંસ્કૃતિ વિચારણા

પ્રશ્ન : ૫ : પાશ્ચાત્ય સાહિત્ય મીમાંસામાં એલિયેટના પ્રદાનની ચર્ચા કરો. ૧૫

અથવા

પ્રશ્ન : ૫ : પરંપરા અને વ્યક્તિગત પ્રતિભા નિબંધની સમીક્ષા કરો.

—x—

SEAT No.________ [6]

SARDAR PATEL UNIVERSITY

total No. of page 02

M.A. SEMESTER-2 Examination -2017

PAPER CODE: PA02CGUJ08 (અર્વાચીન ગુજરાતી કવિતા)

DATE: 02/11/2017, Thursday TIME: 10:00A.M. to 1:00 P.M. P.M MARKS: 70

પ્રશ્ન-૧ નીચેના વસ્તુલક્ષી પ્રશ્નોના ઉત્તર આપો. ૧૦

01) એક વસ્તુની અવેજીમાં બીજી વસ્તુ મૂકાય અને તેનો અર્થ વિસ્તાર કરી આપે તેને .......... કહે છે?

અ. કલ્પન બ. પુરાકલ્પન ક. પ્રતીક ડ. અલંકાર

02) ગદ્ય અને પદ્ય વચ્ચે મુખ્ય ભેદક તત્વ........ છે?

અ. પ્રાસ બ. છંદ ક. અલંકાર ડ. લય

03) નીચેનાં વિધાનો તપાસો

વિધાન-અ : 'સ્વપ્ન પ્રયાણ' એ હરિશ્ચંદ્ર ભટ્ટનો માત્ર આ એક જ વાર્તાસંગ્રહ છે,

વિધાન-બ : 'સ્વપ્ન પ્રયાણ' એ હરિશ્ચંદ્ર ભટ્ટનો મરણોત્તર કાવ્યસંગ્રહ છે.

અ. બંને વિધાન સાચાં બ. બંને વિધાન ખોટાં

ક. વિધાન અ સાચું અને બ ખોટું ડ. વિધાન બ સાચું અને અ ખોટું

04) નીચેનામાંથી કયું કાવ્ય ઈશુ ખ્રિસ્ત સાથે સંદર્ભ ધરાવે છે?

અ. પેગાસસ બ. ગોલગાથા તરફ ક. ઇકેરસ ડ. એકો અને નાર્સિસસ

05) નીચેનામાંથી કયું કાવ્ય ગ્રીક પુરાણકથાનો સંદર્ભ ધરાવતું નથી

અ. પેગાસસ બ. ગોલગાથા તરફ ક. ઇકેરસ ડ. એકો અને નાર્સિસસ

06) ગીતમાં મુખ્યત્વે ........લય હોય છે.

અ. અક્ષરમેળ બ. લોકગીતનો ક. સંખ્યામેળ ડ. માત્રામેળ

07) 'સપ્તપદી'માંની 'શોધ' કૃતિનો રચના સમય જણાવો.

અ. ૧૯૫૬ બ. ૧૯૭૧ ક. ૧૯૫૯ ડ. ૧૯૭૮

૦૮) ગઝલના પ્રથમ શેરને .......... તરીકે ઓળખવામાં આવે છે?

અ. મત્લા બ. મક્તા ક. રદીફ ડ. કાફિયા

૦૯) નીચેનાં વિધાનો તપાસો

વિધાન-અ : 'સ્વપ્નને સળગવું હોય તો' એ દીર્ઘ કાવ્ય છે.

વિધાન-બ : 'છિન્નભિન્ન છું' એ સૉનેટ છે.

અ. બંને વિધાન સાચાં બ. બંને વિધાન ખોટાં

ક. વિધાન અ સાચું અને બ ખોટું ડ. વિધાન બ સાચું અને અ ખોટું

(પાછળ....)

૧૦) યોગ્ય જોડકાં જોડો

| અ. | બ. |
|---|---|
| ૧. પંખીલોક | અ. અચલ ઝડવાંના એ અચલ ઇશારા |
| ૨. પીછો | બ. આંખની પ્યાલી મહીં ઊછળેલ અગ્નિકૂપ |
| ૩. છિન્નભિન્ન છું | ક. એક એક માનવ તારી આશાનો અંકુર |
| ૪. નવપરણિત પેલાં | ડ. આંખો એકમેકની આંજયે જતાં આંખોથી |

અ. ૧-ક, ૨-ડ, ૩-બ, ૪-અ    બ. ૧-ડ, ૨-ક, ૩-અ, ૪-બ

ક. ૧-અ, ૨-ક, ૩-બ, ૪-ડ    ડ. ૧-બ, ૨-અ, ૩-ક, ૪-ડ

પ્રશ્ન-૨ કવિતા એટલે શું? કવિતાનાં ઘટક તત્વોનો પરિચય કરાવો. ૧૫

અથવા

કવિતાની વિભાવના સમજાવી ઊર્મિકાવ્યનાં લક્ષણો વિશે ચર્ચા કરો

પ્રશ્ન-૩ નીચેનામાંથી કોઈ પણ એકની સ્વરૂપગત વિશેષતાઓનો પરિચય કરાવો. ૧૫

અ) ગઝલ    બ) ગીત    ક) અછાંદસ    ડ) સૉનેટ

પ્રશ્ન-૪ 'સ્વપ્ન પ્રયાણ' કાવ્ય સંગ્રહને આધારે હરિશ્ચંદ્ર ભટ્ટની કાવ્યકલાનો પરિચય કરાવો ૧૫

અથવા

બંને ટૂંક નોંધ લખો ૧. 'સ્વપ્ન પ્રયાણ'સંગ્રહની કાવ્યભાષા

૨. 'સ્વપ્ન પ્રયાણ' કાવ્ય સંગ્રહનાં ગીતો

પ્રશ્ન-૫ 'સપ્તપદી' સંગ્રહના આધારે આધુનિક ગુજરાતી કવિતાના ભાવવિશ્વનો પરિચય કરાવો ૧૫

અથવા

બંને ટૂંક નોંધ લખો ૧. 'સપ્તપદી' કાવ્ય સંગ્રહમાં પ્રગટતી આધુનિકતા

૨. 'પંખીલોક'નાં પ્રતીક-કલ્પનો

— X —

[3]



SEAT No.________

M.A. SEMESTER-2 Examination -2017

PAPER CODE: PA02CGUJ09 (અનુઆધુનિક ગુજરાતી સાહિત્ય)

DATE: 06/11/2017, Monday TIME: 10:00A.M. to 1:00 P.M. P.M MARKS: 70

પ્રશ્ન-૧ નીચેના વસ્તુલક્ષી પ્રશ્નોના ઉત્તર આપો. ૧૦

૦૧) 'post-modernisam' સંજ્ઞા સૌ પ્રથમ વખત પ્રયોજનાર કોણ છે?

અ. ટોયમ્બિ બ. લ્યોતાર ક. દેરિદા ડ. રોલાં બાર્થ

૦૨) અનુઆધુનિકતાનું વલણ સૌ પ્રથમ વખત .............. ક્ષેત્રમાં દેખાયું ?

અ. સંગીત બ. ચિત્રકળા ક. ફિલ્મ ડ. સ્થાપત્ય

૦૩) નીચેનામાંથી કયું લક્ષણ અનુ આધુનિકતાનું નથી?

અ. નગરચેતના બ. નારીચેતના ક. વ્યક્તિચેતના ડ. દલિતચેતના

૦૪) નીચેની વાર્તાઓમાંથી કઈ વાર્તામાં વતન સંવેદન પ્રગટે છે?

અ. દેપૂનો ટીંબો બ. ખાડીનાં પાણી ક. વણજારો ડ. મને ટાણા લઈ જાવ

૦૫) ગુજરાતી સાહિત્યમાં અનુઆધુનિકતાનું વલણ કયા દાયકમાં પ્રગટ્યું ?

અ. સાતમા બ. આઠમા ક. નવમા ડ. દસમા

૦૬) કઈ વાર્તા રહસ્યકથા તરીકે માય ડિયર જયુએ લખી છે?

અ. લાલ લાલ સનેડો બ. તરંગો ક. મને ટાણા લઈ જાવ ડ. રૂપાળી પત્ની

૦૭) 'વણજારો' વાર્તામાં કયું સંવેદન છે?

અ. વતન બ. નારી ક. દલિત ડ. ડાયસ્પોરા

08) 'શબદમાં જીનકું ખાસ ખબરાં પડી' કાવ્યસંગ્રહના મુખપૃષ્ઠ પરનું ચિત્ર કોણે તૈયાર કરેલું છે?

અ. કનુ પટેલ બ. રઘુવીર પટેલ ક. અર્પણા કૌર ડ. હરીશ મિનાશ્રુ

09) 'શબદમાં જીનકું ખાસ ખબરાં પડી' કાવ્યસંગ્રહનું પ્રકાશ વર્ષ જણાવો?

અ. ૨૦૦૧ બ. ૨૦૧૧ ક.૨૦૧૨ ડ. ૨૦૧૩

૧૦) નીચેનાં વિધાનોની યથાર્થતા ચકાસો

વિધાન-અ : 'શબદમાં જીનકું ખાસ ખબરાં પડી' કાવ્યસંગ્રહમાં ગીતો રજૂ થયા છે.

વિધાન-બ : 'શબદમાં જીનકું ખાસ ખબરાં પડી' કાવ્યસંગ્રહમાં ગઝલ સાથે સૉનેટ પણ છે.

અ. બંને વિધાન સાચાં બ. બંને વિધાન ખોટાં

ક. વિધાન અ સાચું અને બ ખોટું ડ. વિધાન બ સાચું અને અ ખોટું

પ્રશ્ન-૨ અનુઆધુનિકતા એટલે શું? તે સમજાવી અનુઆધુનિકતાનાં ગુણ-લક્ષણોની ચર્ચા કરો ૧૫

અથવા

બંને ટૂંક નોંધ લખો ૧. અનુઆધુનિકતા સંજ્ઞા-વિભાવના

૨. અનુઆધુનિક ગુજરાતી વાર્તાપ્રવાહ

(પાછળ.....)

પ્રશ્ન-૩ અનુઆધુનિક ગુજરાતી નવલિકાનું નારીચેતના અને દલિતચેતનના સંદર્ભમાં મૂલ્યાંકન કરો. ૧૫

અથવા

બંને ટૂંક નોંધ લખો ૧. અનુઆધુનિક ગુજરાતી કવિતા

૨. અનુઆધુનિક ગુજરાતી વાર્તામાં ગ્રામચેતના

પ્રશ્ન-૪ માય ડિયર જયુના 'મને ટાણા લઈ જાવ!' વાર્તાસંગ્રહનું અનુઆધુનિક વાર્તાઓ તરીકે મૂલ્યાંકન કરો ૧૫

અથવા

બંને ટૂંક નોંધ લખો ૧. 'મને ટાણા લઈ જાવ!' સંગ્રહની ભાષા

૨. 'મને ટાણા લઈ જાવ!'માં નારી સંવેદન

પ્રશ્ન-૫ 'શબદમાં જીનકું ખાસ ખબરાં પડી' કાવ્ય સંગ્રહનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો ૧૫

અથવા

બંને ટૂંક નોંધ લખો ૧. 'શબદમાં જીનકું ખાસ ખબરાં પડી' સંગ્રહમાં અધ્યાત્મ

૨. 'શબદમાં જીનકું ખાસ ખબરાં પડી' સંગ્રહના રદીફ-કાફિયા

SC

[41] SEAT No.________ **No. of Printed Pages : 2**

## SARDAR PATEL UNIVERSITY
## MA ($II^{nd}$ Semester) Examination
## Wednesday, $8^{th}$ November 2017
## 10=00 am to 1=00 p.m.
## PA02CGUJ10 (New Course) Gujarati

પાશ્ચાત્ય સાહિત્ય મીમાંસા કુલ ગુણ : ૭૦

પ્રશ્ન:૧:નીચેના બહુવિકલ્પી પ્રશ્નોના જવાબ ઉત્તરવહીમાં લખો : ૧૦

૧ નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં એ જણાવો.

વિધાન : અ : ટ્રેજેડીનું પરિણામ એરિસ્ટોટલ કેથાર્સિસને ગણાવે છે.

વિધાન : બ : પોએટીક્સમાં એરિસ્ટોટલે કેથાર્સિસની ચર્ચા કરી નથી.

ક. બન્ને વિધાન ખરાં છે. ખ. બન્ને વિધાન ખોટાં છે.

ગ. વિધાન અ ખરું, બ ખોટું, ઘ. વિધાન બ ખરું, અ ખોટું.

૨ નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં એ જણાવો.

વિધાન : અ ક્લીન્થ બ્રુક્સનું નામ નવ્ય ઈતિહાસવાદ સાથે સંકલાયેલું છે.

વિધાન : બ : ક્લીન્થ બ્રુક્સ અમેરિકાના વતની હતા.

ક. બન્ને વિધાન ખરાં છે. ખ. બન્ને વિધાન ખોટાં છે.

ગ. વિધાન અ ખરું, બ ખોટું, ઘ. વિધાન બ ખરું, અ ખોટું.

૩ અ અને બ જોડો.

| અ | બ |
|---|---|
| ક. કૃતિની સઘન વાચના | ૧. પ્લેટો |
| ખ. ત્રિવિધ એકતા | ૨. એરિસ્ટોટલ |
| ગ. પ્રેરણા | ૩. કોલરિજ |
| ઘ. કલ્પના | ૪. ક્લીન્થ બ્રુક્સ |

૪ કલાસર્જન માટે કોલરિજ કોને જવાબદાર ગણાવે છે?

ક. તરંગ, ખ. પ્રેરણા, ગ. કલ્પના, ઘ. ઉદાત્તતા

૫ એરિસ્ટોટલની દૃષ્ટિએ ટ્રેજેડીનું કયું ઘટક સૌથી વધારે મહત્ત્વનું છે?

ક. વસ્તુ, ખ. ચરિત્ર, ગ. સંવાદ, ઘ. દશ્યવિધાન

૬ નવ્ય ઈતિહાસવાદની વિચારણા કરનારા વિવેચકનું નામ આપો.

ક) ટી. એસ.એલીયેટ, ખ)સ્ટીફન ગ્રીનબ્લાટ, ગ)ક્લીન્થ બ્રુક્સ, ઘ) રોલાં બાર્થ

૭ નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં એ જણાવો.

વિધાન : અ : સમીક્ષા એ સર્જનાત્મકતાને વેગ આપનાર પ્રવૃત્તિ છે.

વિધાન : બ : જીવનની સમીક્ષા દ્વારા સાંસ્કૃતિક સુવ્યવસ્થા સ્થપાય છે.

ક. બન્ને વિધાન ખરાં છે. ખ. બન્ને વિધાન ખોટાં છે.

ગ. વિધાન અ ખરું, બ ખોટું, ઘ. વિધાન બ ખરું, અ ખોટું.

૮ ટી. એસ. એલિયેટને કઈ કૃતિ માટે સાહિત્યનું નોબેલ પારિતોષિક અર્પણ કરવામાં આવ્યું હતું?

ક. ટ્રેડિશન એન્ડ ઇન્ડિવિડ્યુઅલ ટેલેન્ટ, ખ. ફોર ક્વાર્ટેટ, ગ. મર્ડર ઇન કેથેડ્રલ, ઘ. વેસ્ટ લેન્ડ

(P.T.O)

૯ ડિકન્સ્ટ્રકશનનો સિદ્ધાંત કોણે આપ્યો છે?
ક. રોલાં બાર્થ, ખ. ઝાક દેરિદા, ગ. રોલાં બાર્થ, ઘ. ક્લિન્થ બ્રુક્સ
૧૦ અ અને બ જોડો

| | અ | બ |
|---|---|---|
| ક | ટી. એસ. એલિયેટ | ૧. એસ/ઝેડ |
| ખ | રોલાં બાર્થ | ૨. ઓફ ગ્રામેટોલોજી |
| ગ. | મેથ્યુ આર્નલ્ડ | ૩. પોએટ્રી એન્ડ ડ્રામા |
| ઘ. | દેરિદા | ૪. કલ્ચર એન્ડ એનાર્કી |

પ્રશ્ન : ૨ : ટ્રેજેડી એટલે શું એ સ્પષ્ટ કરી એના કોઈપણ બે ઘટકોની વિગતે ચર્ચા કરો. ૧૫

અથવા

પ્રશ્ન : ૨ : પાશ્ચાત્ય સાહિત્ય મીમાંસામાં કોલરિજના પ્રદાનની સમીક્ષા કરો.

પ્રશ્ન : ૩ : ટી. એસ. એલીયેટે કરેલા પાશ્ચાત્ય સાહિત્ય વિવેચન ક્ષેત્રે કરેલા પ્રદાનની ચર્ચા કરો. ૧૫

અથવા

પ્રશ્ન : ૩ : મેથ્યુ આર્નલ્ડે કરેલા પાશ્ચાત્ય સાહિત્ય વિવેચન ક્ષેત્રે કરેલા પ્રદાનની ચર્ચા કરો.

પ્રશ્ન : ૪ : ગમે તે બે અંગે ટૂંકનોંધ લખો : ૧૫

ક) દેરિદાનો ભાષાવિચાર, ખ) વાણી અને લેખન, ગ) રોલાં બાર્થનો સાહિત્ય વિચાર

પ્રશ્ન : ૫ : નવ્ય વિવેચન ક્ષેત્રે કલીન્થ બ્રુક્સના પ્રદાનની ચર્ચા કરો. ૧૫

અથવા

પ્રશ્ન : ૫ : સ્ટીફન ગ્રીનબ્લાટની સાહિત્ય વિચારણાની સમીક્ષા કરો.

—x—

[46] SEAT No.________ No. of Printed Pages : 2

Sc

# SARDAR PATEL UNIVERSITY

MA -Semester-2 Examination-2017
(PAPER COAD: PA02EGUJ05)
SUBJECT: લોકવિદ્યા અને લોકસાહિત્ય

Date: 10/11/2017 Total Marks: 70
Day: Firday Time: 10.00 a.m. to 01.00 p.m.

---

પ્રશ્ન-૧ હેતુલક્ષી પ્રશ્નોના ઉત્તર આપો ૧૦

(૧) વિલયમ જ્હોન થોમસે લોકવિદ્યા માટે કઈ સંજ્ઞા પ્રયોજી છે.
(અ) ઈન્ડોલોજીકલ સ્ટડી (બ) ફોકલોર
(ક) ફોક લિટરેચર (ડ) ફોક સોંગ

(૨) તરગાળાએ ગુજરાતની કઈ લોક પરંપરા સાથે જોડાયેલા છે.
(અ) ભજન (બ) ભવાઈ)
(ક) આખ્યાન (ડ) લોકવાર્તા

(૩) યોગ્ય જોડકા જોડો

| અ | બ |
|---|---|
| ૧. ઝવેરચંદ મેઘાણી | અ સૌરાષ્ટ્રની રસધારા |
| ૨. હસુ યાજ્ઞિક | બ ગુજરાતના આદિવાસી સાહિત્યનો ઈતિહાસ |
| ૩. ભગવાનદાસ પટેલ | ક ભીલોનું ભારથ |
| ૪. ડૉ. સત્યેન્દ્ર | ડ લોકવિદ્યા વિજ્ઞાન |

(૪) લોકકથાના અધ્યયન માટે સૌથી મહત્વનો ઘટક કયોં છે. ?
(અ) મોટીફ (બ) પાત્ર
(ક) વર્ણન (ડ) સ્થળ

(૫) આદિવાસી લોકસાહિત્યનું સંશોધન સંપાદન કરનાર વિદ્વાન કોણ છે?
(અ) હસુ યાજ્ઞિક (બ) બળવંત જાની
(ક) અમૃત પટેલ (ડ) ભગવાનદાસ પટેલ

(૬) લોકગીતોમાં ક્યા પ્રકારના ગીતને અંતે હાય હાયનો લય આર્વતન પામે છે.
(અ) હાલરડાં (બ) ફટાણાં
(ક) મરશિયાં (ડ) દુહા

(૭) નીચે આપેલાં વિધાનોની યર્થાથતા ચકાસો
વિધાન અ : લોકગીતો બોલીમાં જ હોય છે.
વિધાન બ : લોકગીતોની મુખ્ય વાહકો નારી છે.
(અ) વિધાન અ સાચુ અને બ ખોટું (બ) વિધાન બ સાચું અને અ ખોટું
(ક) બન્ને વિધાન સાચાં છે. (ડ) બન્ને વિધાન ખોટાં છે.

(૮) 'મોટીફ ઈન્ડેક્સ' પુસ્તક ક્યા વિદ્વાને આપ્યું છે.
(અ) સ્ટીથ થોમસન (બ) હસુ યાજ્ઞિક
(ક) ડૉ. સત્યેન્દ્ર (ડ) જયમલ્લ પરમાર

(૯) 'રાજા બ્રાહ્મણ સુથાર અને વાણિયાના છોકરા' લોકકથામાં નીચેનામાંથી ક્યું મોટીફ છે.
(અ) સર્પપૂજા (બ) ઠગવિદ્યા
(ક) મૃતસંજીવની વિદ્યા (ડ) મૂર્ખતા

(PTO)

(૧૦) 'સોનહલામણ' લોકકથાનો કેન્દ્રસ્થ અંશ નીચેનામાંથી કયો છે.

(અ) પાત્ર (બ) સમસ્યા

(ક) વર્ણન (ડ) માટીફ

પ્રશ્ન-૨ લોકવિદ્યાની વ્યાખ્યા આપી લોકવિદ્યાની સામગ્રીનો ઉદાહરણસહ પરિચય કરાવો ૧૫

અથવા

ટૂંકનોંધ લખો(બન્ને)

(૧) લોક અને લોકવિદ્યા : સંજ્ઞા વિભાવના

(૨) ગુજરાતની લોકકળાઓ

પ્રશ્ન-૩ નીચેનામાંથી કોઈપણ બે વિશે ટૂંકનોંધ લખો. ૧૫

(૧) અભ્યાસનીયત લોકગીતોમાં પ્રગટતો સમાજ

(૨) અભ્યાસનીયત લોકકથાઓમાં માટીફ

(૩) લાલજીમનીઆરના વેશમાં પ્રગટ થતાં પાત્રો

(૪) અભ્યાસનીયત લોકગીતોમાં તમને ગમતા ગીતનો આસ્વાદ

પ્રશ્ન-૪ લોકકથાનું અધ્યયન કઈ રીતે થઈ શકે તેની ઉદાહરણસહ ચર્ચા કરો. ૧૫

અથવા

ટૂંકનોંધ લખો (બન્ને)

(૧) કથાઘટકનું અધ્યયન

(૨) કથામાનક અને કથાચક્રનું અધ્યયન

પ્રશ્ન-૫ લોકસાહિત્યના સંશોધન સંપાદનમાં ઝવેરચંદ મેઘાણીનું પ્રદાન વિગતે ચર્ચા ૧૫

અથવા

ટૂંકનોંધ લખો (બન્ને)

(૧) ગુજરાતી લાકસાહિત્ય ક્ષેત્રે પારસીઓનું પ્રદાન

(૨) સ્વાંતંત્રોત્તરકાળમાં ગુજરાતી લોકસાહિત્ય ક્ષેત્રે સંશોધન

(2)